*This Question Paper contains 16 printed pages.*
***(Part - A & Part - B)***

Sl.No. 0100715

# 01(G)

**(JULY, 2018)**
**(New Course)**

| |
|---|
| પ્રશ્ન પેપરનો સેટ નંબર જેની સામેનું વર્તુળ **OMR** શીટમાં ઘટ્ટ કરવાનું રહે છે. **Set No. of Question Paper circle against which is to be darken in OMR sheet.** |
| **01** |

**Part - A : Time : 1 Hour / Marks : 50**

**Part - B : Time : 2 Hours / Marks : 50**

## (Part - A)

***Time : 1 Hour]*** ***[Maximum Marks : 50***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રના ભાગ-A માં બહુવિકલ્પીય પ્રકારના 50 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજીયાત છે.
2) પ્રશ્નોની ક્રમ સંખ્યા 1 થી 50 છે અને દરેક પ્રશ્નનો ગુણ 1 છે.
3) કાળજીપૂર્વક દરેક પ્રશ્નનો અભ્યાસ કરી સાચો વિકલ્પ પસંદ કરીને OMR શીટમાં જવાબ લખવો.
4) પ્રશ્નના જવાબ માટે OMR શીટ આપવામાં આવેલ છે. તેમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) O, (B) O, (C) O, (D) O આપેલા છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પ પરના વર્તુળને બોલ-પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.
5) પ્રશ્નપત્રકની ઉપરની જમણી બાજુમાં આપેલા પ્રશ્નપત્રક સેટ નં. ને OMR પત્રકમાં આપેલી જગ્યામાં લખવાનું રહેશે.

---

1) 'રેસનો ઘોડો' પાઠમાં નીનાબહેન પોતાની જાતને નસીબદાર માને છે. કારણ કે ....

(A) મંજુબહેન તેમના બહેનપણી છે.

(B) વિનુકાકા તેમના પાડોશી છે.

(C) સંજયભાઈ તેમના પતિ છે.

(D) મંજુબહેન તેમના પાડોશી છે.

2) વિરાટભાઈએ મનીષાને નરેન સાથે સગાઈની ના શા માટે પાડી ?

(A) તેમને નરેન ગમતો નહોતો.
(B) તેમને તેના લગ્ન બીજે કરવા હતા.
(C) મનીષા સુકુમાર અને ડરપોક હતી.
(D) મનીષાની ઈચ્છા નહતી.

3) દુકાનદારના મતે શું કરવાથી છત્રી ખરીદવા કે ખોવાઈ જવાનો ડર ન રહે ?

(A) ચાતુર્માસમાં ઘરે રહેવું.
(B) એકટાણાં કરવા.
(C) પ્રભુભજન કરવા.
(D) A, B, C ત્રણેય.

4) મૃત્યુના માનમાં આદિવાસીઓ શું કરતાં હતાં ?

(A) દીવા પ્રગટાવતાં હતાં.
(B) મીઠાઈ ખાતાં હતાં.
(C) શોક મનાવતાં હતાં.
(D) ફટાકડાં ફોડતાં હતાં.

5) જીવલાની કરુણ દશા જોઈને લેખક શું અનુભવે છે ?

(A) લેખક રાજી થઈ ગયા.
(B) લેખકનું હૃદય દ્રવી ઊઠયું.
(C) લેખકને કશી અસર ન થઈ.
(D) લેખક હસવા લાગ્યા.

6) શાહુકારના ચોપડાને લેખક શેની સાથે સરખાવે છે ?

(A) કરોળિયાની જાળ સાથે
(B) ગાઈડ સાથે
(C) વેદ સાથે
(D) ઈન્દ્રજાળ સાથે

7) વેલજી ડોહાનું પાત્ર કયા પાઠમાં આવે છે ?

(A) ચોપડાની ઈન્દ્રજાળ (B) જન્મોત્સવ

(C) ઘોડીની સ્વામીભક્તિ (D) ડાંગવનો અને ....

8) 'ફાટીતૂટી ગુણપાટ', 'ઝૂંપડાં', 'ફગફગિયો દીવો' ...... વગેરે શબ્દો દ્વારા શેનું તાદશ વર્ણન થયું છે ?

(A) ગરીબાઈ (B) બાળકનો જન્મ

(C) ઝૂંપડપટ્ટી (D) અંધારું

9) ધૂળમાં પગલી જોઈને ડુંગરની પત્નીને કોણ યાદ આવ્યું ?

(A) નાનું બાળક

(B) મોરનું પગલું

(C) પોતાની દીકરી બબલી

(D) પોતાની ગાય

10) કાળુ અને રાજુ બંને શું માને છે ?

(A) ભૂંડામાં ભૂંડી ભૂખ છે.

(B) ભૂંડામાં ભૂંડી ભીખ છે.

(C) ભૂંડામાં ભૂંડો દુકાળ છે.

(D) ભૂંડામાં ભૂંડું પોતાનું નસીબ છે.

11) દુકાળમાં અંગ્રેજો લોકોને શું કામ કરાવીને ધાન આપતાં ?

(A) રેલવેનું કામ કરાવીને.

(B) રસ્તો બનાવડાવીને.

(C) કૂવો ખોદાવીને.

(D) મહેલ બનાવીને.

12) શાક સુધારતી વખતે લીલી શાકભાજીમાં રહેલાં જીવો જોઈને શ્રીમદ્‌ની આંખો ભરાઈ આવી. - આ પ્રસંગમાં શ્રીમદ્‌નો કયા ગુણો જોવા મળે છે ?

(A) પરહિત અને પરોપકાર

(B) ધાર્મિકતા

(C) જીવદયા અને કરુણા

(D) સેવાભાવના

13) સાંકડી અને નિર્જન ખીણોમાં ફરવાનો લેખકનો કેવો અનુભવ હતો ?

(A) કાયમી અનુભવ હતો. (B) ઓછો અનુભવ હતો.

(C) પ્રથમ અનુભવ હતો. (D) છેલ્લો અનુભવ હતો.

14) વછેરીને દૂધ પાવા આંબા પટેલે શું વ્યવસ્થા કરી ?

(A) ભરવાડને ત્યાંથી બે બકરી લાવ્યા. (B) ભેંસ લાવ્યા.

(C) ગાય લાવ્યા. (D) ડેરીમાંથી દૂધ લાવતા.

15) ઢેલ જેવી જાતવાન ઘોડી રાંગમાં રમતી હોય, પછી ચંત્યા શાની ? - આ વાક્ય કોણ બોલે છે ?

(A) ગામલોકો (B) આંબા પટેલ

(C) મામા (D) ગણેશાની મા

16) વૈષ્ણવજનના દર્શન કરવાથી શું થાય છે ?

(A) પાપ ધોવાઈ જાય છે.

(B) મન પ્રસન્ન થઈ જાય છે.

(C) એકોતેર પેઢી તરી જાય છે.

(D) જીવન ધન્ય બની જાય છે.

17) કેવી વ્યક્તિની સંગત કરવાથી ભવ પાર ઉતરી શકાય છે ?

(A) વૈષ્ણવજન (B) પરોપકારી મનુષ્ય

(C) શીલવંત સાધુ (D) સાચા મિત્ર

18) 'જેને જાગી ગયો તૂરિયાનો તાર' - દ્વારા ગંગાસતી શું સૂચવે છે ?

(A) ભજનો ગાવાનું

(B) તંબૂરો વગાડવાનું

(C) જાગૃત થવાનું

(D) ધ્યાનાવસ્થા

19) 'જે શિરે હું હાથ ફેરવતો, હવે એ હાથ દે.' - પંક્તિ દ્વારા કયો અર્થ વ્યક્ત થયો છે ?

(A) મોટી અને સમજણી થયેલી દીકરી પિતાને સહાયભૂત થાય છે.

(B) પિતાનો હાથ પકડીને ચાલે છે.

(C) પિતાને તાળી આપે છે.

(D) પિતાને વંદન કરે છે.

20) દીકરીની હાજરી શું આપે છે ?

(A) સુગંધ અને શીતળતા (B) સ્નેહનું ઝરણું

(C) સુખડ અને ચંદન (D) લાજ-મર્યાદા

21) 'મારે શિર ભારતમાતાની આશિષનો વિસ્તાર.' - પંક્તિ દ્વારા કવિ શું સૂચવે છે ?

(A) ભારતીય નાગરિક હોવાનું.

(B) ભારતમાતાના અંશ હોવાનું ગૌરવ.

(C) ગુજરાતી હોવાનું પ્રાદેશિક અભિમાન.

(D) ભારતમાતાનું વરદાન પ્રાપ્ત થવાનું.

22) 'માધવને દીઠો છે ક્યાંય ? ' - કાવ્યમાં કોના કૃષ્ણવિરહનો ભાવ દર્શાવ્યો છે ?

(A) રાધાના (B) ગોપીના

(C) ગોકુળના (D) વાંસળીના

23) 'શિકારીને' કાવ્યના કવિનું મૂળ નામ શું છે ?

(A) મણિશંકર રતનજી ભટ્ટ (B) સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ

(C) અશોક ચાવડા (D) બરકત વિરાણી

24) નીચેનાં કાવ્યો પૈકી કયું કાવ્ય 'સૉનેટ' પ્રકારનું કાવ્ય છે ?

(A) હું એવો ગુજરાતી.

(B) માધવને દીઠો છે ક્યાંય ?

(C) વતનથી વિદાય થતાં.

(D) દિવસો જુદાઈના જાય છે.

25) 'બોલીએ ના કંઈ' કાવ્યમાં 'બોલીએ ના કંઈ' શબ્દો દ્વારા કવિએ કયો ભાવ વ્યક્ત કર્યો છે ?

(A) ચૂપ જ રહેવું જોઈએ.

(B) વધારે પડતું ન બોલવું.

(C) વ્યથાને સહન કરવી તથા ફરિયાદ ન કરવી જોઈએ.

(D) મૌનવ્રત ધારણ કરવું.

26) નીચેનામાંથી કઈ પંક્તિ 'દિવસો જુદાઈના જાય છે' - કાવ્યમાંથી નથી ?

(A) ન ધરા સુધી, ન ગગન સુધી, નહીં ઉન્નતિ, ન પતન સુધી.

(B) દિવસો જુદાઈના જાય છે, એ જશે જરૂર મિલન સુધી.

(C) તમે રાંકનાં છો રતન સમાં, ન મળો હે અશ્રુઓ ધૂળમાં.

(D) ઘટે ના ક્રૂર દષ્ટિ અહીં ત્યાં : વિશ્વ સૌંદર્ય કુમળું.

27) 'એક બપોરે' - કાવ્યમાં 'બપોર' એ શેનું પ્રતીક છે ?

(A) દિવસના મધ્યાહ્નનું

(B) ખેતરનું

(C) ગરમીનું

(D) જીવનના મધ્યાહ્નનું

28) 'એક બપોરે' કાવ્યમાં કવિનો કયો ભાવ વ્યક્ત થયો છે ?

(A) જીવન પ્રત્યેની નીરસતાનો

(B) નજીક આવી રહેલા મૃત્યુનો

(C) બપોરે લાગતી ગરમીનો

(D) જગતના મિથ્યાપણાનો

29) 'રઢિયાળી રાત' - કાવ્યસંગ્રહના સંપાદક કોણ છે ?

(A) શ્રી હરીન્દ્ર દવે

(B) શ્રી ઝવેરચંદ મેઘાણી

(C) શ્રી રાજેન્દ્ર શાહ

(D) શ્રી વિનોદ જોશી

30) 'હાઈકુ' - કાવ્યપ્રકારનું બંધારણ લખો.

(A) પાંચ - સાત - પાંચ અક્ષરો

(B) ચાર - આઠ - પાંચ અક્ષરો

(C) છ - સાત - ચાર અક્ષરો

(D) સાત - પાંચ - પાંચ અક્ષરો

31) નીચેનામાંથી કયો શબ્દ સાચી જોડણીવાળો નથી ?

(A) અનુભૂતિ

(B) દુષ્કાળ

(C) અનુકુળ

(D) અનુચિત

32) નીચેનામાંથી સાચી જોડણીવાળો શબ્દ લખો.

(A) નિરાભિમાની

(B) નિરભિમાની

(C) નિર્ભિમાની

(D) નિરભીમાની

33) નીચેનામાંથી કઈ ધ્વનિશ્રેણી યોગ્ય છે ?

(A) પ્ + ર્ + અ + ફ્ + ઉ + લ્ + લ્ + ઇ + ત્ = પ્રફુલ્લિત

(B) સ્ + અ + ર્ + અ + વ્ + ઓ + ત્ + અ + મ્ = સર્વોત્તમ

(C) મ્ + ઊ + ટ્ + ઠ્ + ઈ = મુઠ્ઠી

(D) ગ્ + ઊ + જ્ + અ + ર્ + અ + ત્ + ઈ = ગુજરાતી

34) નીચે આપેલ સંધિઓમાંથી કયા શબ્દની સંધિ સાચી છે ?

(A) સપ્ત + રુષિ = સપ્તર્ષિ

(B) યથા + ઈષ્ટ = યથેષ્ટ

(C) જીર્ણ + ઉદ્ધાર = જીર્ણોદ્ધાર

(D) વિ + અગ્ર = વ્યાગ્ર

35) 'શરદ + ઉત્સવ' - સંધિ જોડો.

(A) શરદુત્સવ

(B) શરદોત્સવ

(C) શરદોઉત્સવ

(D) શરદઉત્સવ

36) નીચેનામાંથી સમાસ અને તેનો પ્રકાર દર્શાવતું કયું જોડકું સાચું છે ?

(A) પત્ર ચેષ્ટા - તત્પુરુષ સમાસ

(B) સ્વર્ગવાસ - મધ્યમપદલોપી સમાસ

(C) પંચવટી - દ્વિગુ સમાસ

(D) ઋણરાહત - દ્વન્દ્વ સમાસ

37) નીચેનામાંથી મધ્યમપદલોપી સમાસનું ઉદાહરણ કયું છે ?

(A) નરસિંહ

(B) વૈષ્ણવજન

(C) માનવસેવા

(D) ભજનાનંદ

38) વરસાદ <u>એકધારો</u> પડતો હતો. - રેખાંકિત શબ્દ કયા પ્રકારનું ક્રિયાવિશેષણ છે ?

(A) સમયવાચક

(B) રીતિવાચક

(C) પરિમાણવાચક

(D) ક્રમવાચક

39) રોહિતે ચાની આદત છોડી. - આ વાક્યનું કર્મણિ વાક્ય લખો.

(A) રોહિતથી ચાની આદત છોડાય છે.

(B) રોહિતથી ચાની આદત છૂટી.

(C) રોહિતથી ચાની આદત છોડાશે.

(D) રોહિત ચાની આદતથી છૂટશે.

40) નીચેનાં વાક્યોમાંથી પ્રેરક વાક્ય શોધીને લખો.

(A) એમણે પ્રવૃત્ત જીવન સંકેલી લીધું.

(B) દાદાથી ઠંડા પાણીએ ન્હવાય છે.

(C) મારાથી કૉલેજ ક્યારે જવાશે ?

(D) બાએ પોતાના હાથે ભોજન પીરસાવ્યું.

41) યોગ્ય ઉપમાન ન મળતાં ઉપમેયને જ ઉપમાન માની લેવામાં આવે ત્યારે કયો અલંકાર બને છે ?

(A) રૂપક અલંકાર

(B) અનન્વય અલંકાર

(C) શ્લેષ અલંકાર

(D) વ્યતિરેક અલંકાર

42) વર્ષા તમારી રાહ જુએ છે. - આ વાક્યમાં કયો અલંકાર છે ?

(A) સજીવારોપણ અલંકાર

(B) શ્લેષ અલંકાર

(C) ઉત્પ્રેક્ષા અલંકાર

(D) વ્યાજસ્તુતિ અલંકાર

43) 'લેરખી' – કયા શબ્દસમૂહ સાથે બંધબેસતો શબ્દ છે ?

(A) પવનની લહેર

(B) પવનના કારણે ઉડતું પાણી

(C) વૃક્ષોની હારમાળા

(D) લહેરી સ્વભાવવાળું

44) 'પગ જડાઈ જવા' – રૂઢિપ્રયોગનો અર્થ શોધીને લખો.

(A) ઊભા રહી જવું.

(B) પગ ચોંટી જવા.

(C) અપંગ થઈ જવું.

(D) સ્તબ્ધ થઈ જવું.

45) 'જ્યાં સુધી વાત બહાર ન જાય ત્યાં સુધી ઈજ્જત સચવાય' – એવો અર્થ આપતી કહેવત લખો.

(A) પાકા ઘડે કાંઠા ન ચડે.

(B) શેઠની શિખામણ ઝાંપા સુધી.

(C) બાંધી મૂઠી લાખની.

(D) ન બોલવામાં નવ ગુણ.

46) નીચેનામાંથી સમાનાર્થી શબ્દોનું સાચું જોડકું શોધીને લખો.

(A) ફલક = નજર, દષ્ટિ

(B) વિભાવરી = રાત્રિ, નિશા

(C) લતા = લાકડું, કાષ્ઠ

(D) આછેરો = પડછાયો, ઓળો

47) 'લોભી' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ લખો.

(A) અલોભી

(B) અણલોભી

(C) વણલોભી

(D) દુર્લભ

48) 'વાચ' – તળપદા શબ્દનું શિષ્ટ રૂપ લખો.

(A) વાણી

(B) વાંચવું

(C) વચન

(D) વાચાળ

49) 'ખાદ્ય' શબ્દનો અર્થ લખો.

(A) ખવાય એવું

(B) ખભો

(C) ખોટ

(D) ખોરાક

50) 'બિનજરૂરી' શબ્દમાં કેવા પ્રકારનો પ્રત્યય રહેલો છે ?

(A) કૃતપ્રત્યય

(B) પૂર્વપ્રત્યય

(C) પરપ્રત્યય

(D) તદ્ધિત પ્રત્યય

# 01(G)

**(JULY, 2018)**
**(New Course)**

## (Part - B)

*Time : 2 Hours]* **[Maximum Marks : 50**

સૂચનાઓ :

1) સ્પષ્ટ વંચાય તેવું હસ્તલેખન જાળવવું.
2) આ પ્રશ્નપત્રના ભાગ-B માં ચાર વિભાગ છે અને પ્રશ્નનો ક્રમ 1 થી 18 છે.
3) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. આંતરિક વિકલ્પો આપેલા છે.
4) પ્રશ્નની જમણી બાજુના અંક તેના ગુણ દર્શાવે છે.
5) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુદ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે. પ્રશ્નની સૂચના સમજીને જવાબો લખવા.
6) નવો વિભાગ નવા પાના પર લખવો. પ્રશ્નોના જવાબ ક્રમમાં લખવા.

### વિભાગ - A

■ નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.

1) 'રેસનો ઘોડો' વાર્તાના આધારે બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં પરિબળોની ચર્ચા કરો. [4]

અથવા

'ભૂખથી ભૂંડી ભીખ' વાર્તાના આધારે રાજુની મનોવ્યથા તમારાં શબ્દોમાં વર્ણવો.

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.

2) હૃદયરોગનો હુમલો કંઈ મફતમાં નથી મળતો. - એમ લેખક શા માટે કહે છે ? [2]

3) શ્રીમદ્ રાજચંદ્રની સ્મરણશક્તિ અસાધારણ હતી, એમ તમે શા પરથી કહેશો ? [2]

અથવા

પૂરમાં ડૂબતા આંબા પટેલને કેવી રીતે જીવતદાન મળ્યું ?

■ નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યોમાં મુદ્દાસર ઉત્તર લખો.

4) 'શિકારીને' કાવ્યનો ધ્વનિ સ્પષ્ટ કરો. [3]

અથવા

ગંગાસતી કોને શીલવંત સાધુ કહે છે ? શા માટે ?

■ નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં ઉત્તર લખો.

5) 'ચાંદલિયો' કાવ્યમાં કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે ? [2]

6) કવિના પગ આગળ જવા માંડ માંડ ઊપડે છે. - કારણ આપી ટૂંકમાં સમજાવો. [2]

અથવા

'દીપ હોલવું' હાઈકુનો ભાવાર્થ સ્પષ્ટ કરો.

## વિભાગ -B

■ નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો. [5]

7) પશ્ચાતાપ એ એક કીંમતી ધર્માનુભવ છે. જે વાસણ માટી કે રાખથી સાફ થતાં નથી તે જેમ તેજાબથી સાફ થાય છે ને કાટ બધો ઓગળી જાય છે. અને વાસણ ચળકવા માંડે છે, તેવી જ રીતે ધર્મજીવન પર બાઝેલી કેટલીયે શિથિલતા પશ્ચાતાપથી દૂર થઈ જાય છે અને માણસ એકાએક પલટો ખાય છે. ખરેખર પશ્ચાતાપની અસર તેજાબથી ઓછી નથી હોતી. સૃષ્ટિ માટે ને એમાંય માનવજીવન માટે ઈશ્વરની યોજના મંગળ ને પવિત્ર. એમાં ભંગાણ પડી શકે માનવીની મૂર્ખાઈથી, પણ એ ભંગાણ પાછું સંધાય છે. માનવીના પશ્ચાતાપથી અને ઈશ્વરની અનહદ કૃપાથી. આખરે એની એ દિવ્ય યોજના આગળ ચાલવાની જ.

- કાકા કાલેલકર

■ નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો. [5]

8) ઊંચી-નીચી ફર્યા કરે, જીવનની ઘટમાળ;
ભરતી એની ઓટ છે, ઓટ પછી જુવાળ.

અથવા

કડવા હોય લીમડા, પણ શીતળ તેની છાંય;
બાંધવ હોય અબોલડા, તોય પોતાની બાંય.

## વિભાગ - C

9) 5 સપ્ટેમ્બર, શિક્ષકદિનની ઉજવણીનું વર્ણન કરતો પત્ર તમારા મિત્રને લખો.
(પત્રમાં તમારું નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.) [5]

10) નદીમાં આવેલા ભારે પૂરને લીધે થયેલા વિનાશ અંગેનો અહેવાલ આશરે એકસો શબ્દોમાં લખો. [5]

## વિભાગ - D

■ **નીચેનો ગદ્યાંશ વાંચીને, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **[3]**

જીવનમાં ડગલે ને પગલે આત્મવિશ્વાસની જરૂર પડે છે. પોતાની જાતમાં, પોતાના જ્ઞાનમાં, પોતાના કર્તૃત્વમાં વિશ્વાસ હોવો એટલે આત્મવિશ્વાસ. ક્રિકેટની રમતમાં દડાને આત્મવિશ્વાસથી ફટકારનાર ચોગ્ગો અને છગ્ગો લગાવી લોકોની તાળીઓનો ગડગડાટ મેળવે છે. કબડ્ડીની રમતમાં પ્રતિસ્પર્ધીના પગને આત્મવિશ્વાસથી જકડી લેનાર વિજયનો હકદાર થાય છે. આત્મવિશ્વાસથી ભાષણ કરનાર વકતા શ્રોતાઓના અભિવાદનનો અધિકારી બને છે. આત્મવિશ્વાસ વીરતાનો સાર છે. આત્મવિશ્વાસથી એક પગથિયું ઉપર ચડતાં આત્મશ્રદ્ધા નામના તત્ત્વનું દર્શન થાય છે. આત્મશ્રદ્ધા એ આજાનબાહુ પુરુષાર્થની ટચલી આંગળી છે, જે ગમે તેવા સંકટના ગોવર્ધન પર્વતનેય તોળી શકે છે, ઊંચે ઉઠાવી શકે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે, ''આત્મશ્રદ્ધામાં એક એવી પ્રબળ અને અનન્ય શક્તિ છે જે પાણીને ઘીમાં અને રેતીને ખાંડમાં ફેરવી શકે છે.''

**11)** આત્મવિશ્વાસ કોને કહેવાય ?

**12)** આત્મશ્રદ્ધા એ કોની ટચલી આંગળી છે ? શા માટે ?

**13)** ગદ્યખંડને યોગ્ય શીર્ષક આપો.

■ **નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.** **[4]**

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજકુંજ જોવી હતી;
જોવી'તી કોતરોને જોવી'તી કંદરા,
રોતા ઝરણાની આંખ લો'વી હતી.
સૂના સરવરિયાની સોનેરી પાળે,
હંસોની હાર મારે ગણવી હતી.
ડાળે ઝૂલંત કો'ક કોકિલાને માળે,
અંતરની વેદના વણવી હતી.
એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉર-બોલના ઝીલવા ગયો;
વેરાયાં બોલ મારાં, ફેલાયા આભમાં,
એકલો અટૂલો ઝાંખો પડ્યો,
આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજકુંજ જોવી ફરી;
ભોમિયા ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

– ઉમાશંકર જોશી

14) કવિને કોના વિના ડુંગરા ભમવા હતા ?

15) કવિને શું શું જોવું હતું ? કોની આંખ લોવી હતી ?

16) કવિને કોની વેદના વણવી હતી ?

17) કાવ્યને યોગ્ય શીર્ષક આપો.

■ **ગમે તે એક વિષય પર આપેલા મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો.** **[8]**

18) સ્વચ્છતા :

મુદ્દા : પ્રસ્તાવના - શરીરની સ્વચ્છતા - ઘર અને મહોલ્લાની સ્વચ્છતા અંગેનાં પ્રયત્નો - ગામડાં અને શહેરોની સ્થિતિ - સ્વચ્છતા અંગેના ગાંધીજીનાં પ્રયત્નો - સ્વચ્છતાની જવાબદારી - વિદેશોમાં સ્વચ્છતા - ઉપસંહાર.

અથવા

પ્રદૂષણ : એક સાર્વત્રિક સમસ્યા.

મુદ્દા : પ્રસ્તાવના - ઔદ્યોગિક ક્રાંતિની અસરો - વસ્તી વિસ્ફોટની અસરો - અણુ અખતરાની અસરો - પ્રદૂષણ ઘટાડવાનાં ઉપાયો - ઉપસંહાર.

અથવા

નારી તું નારાયણી :

મુદ્દા : પ્રસ્તાવના - નારીની આજની સ્થિતિ - પ્રાચીન કાળમાં નારીનું સમાજમાં સ્થાન - ઉપસંહાર.